પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 21-10-2024 Morning : 7.10 to 7.20

Day: Monday Regional News

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નીકિતા શાહ વાંચે છે.

---

1) ગુજરાતની મુલાકાતે આવેલી કેંદ્રીય નાણાપંચની ટીમ આજે મુખ્યંમંત્રી સાથે મુલાકાત કરશે.
2) પશુઓ પ્રત્યે સંવેદના રાખીને કાર્ય કરવા મુખ્યમંત્રીનો નાગરિકોને અનુરોધ.
3) દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાંક ભાગોમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આજે આગાહી. – અમદાવાદ અને વડોદરામાં સવારથી જ ગાજવીજ અને પવન સાથે વરસાદ
4) દિવાળીના તહેવારો દરમિયાન મુસાફરોની સુવિધા માટે રાજકોટ એસટી વિભાગ દ્વારા સો વધારાની બસો દોડાવાશે.
5) વિનુ માંકડ ટ્રોફીમાં ગુજરાત સેમિફાઈનલમાં પ્રવેશ્યું.

---

CENTRAL FINANCE. TEAM GUJ. VISIT

સોળમાં કેન્દ્રીય નાણાપંચની ટીમ આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે બેઠક કરશે. ત્યારબાદ તેઓ ઉદ્યોગ મહામંડળના પ્રતિનિધિઓ સાથે વાર્તાલાપ કરશે.

ગઈકાલથી ત્રણ દિવસીય ગુજરાત મુલાકાતે પહોંચેલા નાણાપંચના સભ્યો વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે તેમજ શહેરી અને ગ્રામીણ સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના અધિકારીઓ અને પ્રતિનિધિઓ સાથે વિચાર વિમર્શ કરશે.

.................................................................................................

CM PANJARA POLE

દરેક જીવ માટે સંવેદના રાખી કાર્ય કરવાનો અનુરોધ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોને કર્યો છે.

વિરમગામ પાંજરાપોળ ખાતે સમસ્ત મહાજન સમાજ દ્વારા ગૌમાતા પોષણ યોજના તેમજ અન્ય જીવદયાના નિર્ણય લેવા બદલ અભિવાદન કરાયું હતું. અહીં ઉપસ્થિત સૌને પ્રાકૃતિક ખેતી અપનાવવા મુખ્યમંત્રીએ અપીલ કરી હતી. ગુજરાત સરકાર દ્વારા કાર્યરત કરાયેલા વરસાદી પાણીના સંગ્રહ, પશુ મેળા, ફરતા પશુદવાખાનાની યોજનાઓનો પણ પોતાના સંબોધનમાં ઉલ્લેખ કર્યો હતો. તેમણે વૃક્ષારોપણ કરીને તળાવની તકતીનું અનાવરણ કર્યું હતુ તથા એનિમલ એમ્બ્યુલન્સને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતુ.

(ઓડિયો – મુખ્યમંત્રી, ભૂપેન્દ્ર પટેલ)

અન્ય એક કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ વિરમગામને 640 કરોડ રૂપિયાના વિકાસકાર્યોની ભેટ આપી હતી.

..........................................................................................

PM VISIT VADODARA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વડોદરાના સૂચિત કાર્યક્રમની પૂર્વ તૈયારીની અધિક મુખ્ય સચિવ કમલ દયાનીએ સમીક્ષા કરી હતી.

ભારત અને સ્પેઇનના પ્રધાનમંત્રીઓના વડોદરાના કાર્યક્રમ સંદર્ભે ૬૦ અધિકારીઓને વિવિધ ફરજો સોંપાઇ છે. આ કામગીરી માટે ૨૦ કમિટિની રચના પણ કરાઇ છે. આ સમિતિઓને વિવિધ કામગીરીની જવાબારી સોપવામાં આવી છે. અધિક મુખ્ય સચિવે વડોદરા શહેરમાં ચાલી રહેલી પૂર્વ તૈયારી નિહાળી અને બાદમાં કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજી હતી.

પ્રધાનમંત્રીનું વડોદરામાં શાનદાર સ્વાગત કરવામાં આવશે. એરપોર્ટ અને અન્ય સ્થળોએ કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ થકી ગુજરાતના વારસાને રજૂ કરાશે.

પ્રધાનમંત્રીના ટાટા એર બસ અને લક્ષ્મીવિલાસ પેલેસ ખાતેના કાર્યક્રમો સંદર્ભે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સરકાર દ્વારા અન્ય જિલ્લામાંથી પાંચ નાયબ કલેક્ટરોની ફાળવણી કરવામાં આવી છે. વડોદરા પોલીસ કમિશનરે સલામતીના બંદોબસ્તની બાબતો રજૂ કરી હતી.

..........................................................................................

WEATHER

હવામાન વિભાગે આગામી 24 કલાકમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે ભારે વરસાદ થવાની આગાહી કરી છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતાઓ છે. રાજકોટ, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, દીવ, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે.

દરમિયાન, મધ્ય ગુજરાતના ભાગોમાં સાંજના સમયે ભારે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. અમદાવાદ શહેરમાં ભારે ગાજવીજ સાથે વરસાદ થયો હતો. અમદાવાદ જિલ્લામાં આજે પણ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

જામનગરના મોટાભાડુકિયા ગામે ગઈકાલે સાત ઈંચ જેટલો વરસાદ પડતાં ગામમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે કે, અચાનક પડેલા આ ધોધમાર વરસાદથી ખેડૂતોને ભારે નુકસાન થયું છે. મગફળીના પાથરા ધોવાઈ થતાં તણાઈ જવાથી ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેઠવું પડશે.

દરમિયાન આજે વહેલી સવારથી વડોદરામાં ગાજવીજ સાથે વરસાદ વરસી રહ્યો હોવાના અહેવાલ છે. અમદાવાદ શહેરમાં પણ વહેલી સવારે પવન સાથે વરસાદી ઝાપટાં પડ્યા છે.

..........................................................................................

MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

..........................................................................

RAJKOT EXTRA ST BUS

રાજકોટ ડિવિઝન દિવાળીને ધ્યાન લઈ 100 વધારાની એસટી બસો દોડવાશે.

રાજકોટ એસ.ટી.વિભાગના વિભાગીય અધિકારી ડી.વી.ડાંગર જણાવ્યું હતું કે, ગત વર્ષે દિવાળીના તહેવારોમાં 80 જેટલી વધારાની બસો દોડાવવામાં આવી હતી ત્યારે હવે આ વર્ષે તેમાં વધારો થયો છે અને એક્સ્ટ્રા 100 બસો દોડાવવામાં આવશે. 25મી ઓકટોબરથી લગભગ 1 મહિના સુધી આ બસોનો લાભ મુસાફરોને મળી રહેશે.

(બાઇટ : - ડી.વી.ડાંગર, એસ.ટી.અધિકારી)

........................................................................................

Western Railway Ahmedabad - Surat

પશ્ચિમ રેલવે દ્વારા અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ અમદાવાદ અને સુરત સહિતના 124 સ્ટેશનોનો પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે.

સુરત સ્ટેશનને મલ્ટિ-મોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જે સીમલેસ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે રેલવે, GSRTC સિટી બસ ટર્મિનલ સ્ટેશન, મેટ્રો વગેરેને એકીકૃત કરશે. યોગ્ય રવેશ, રંગ, સામગ્રી, ટેક્સચર દ્વારા એકીકૃત થીમ તેની ભવ્યતામાં વધારો કરશે.

સુરત સ્ટેશન રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનો કુલ અંદાજિત ખર્ચ 1 હજાર 477 કરોડ રૂપિયા છે, જેમાં ગુજરાત સરકારનો ફાળો અંદાજે 481 કરોડ જ્યારે રેલવેનું યોગદાન 996 કરોડથી વધુ છે. પુનઃવિકાસિત સુરત સ્ટેશનમાં 10 હજાર 900 ચોરસ મીટરમાં ફેલાયેલ વિશાળ ઓડિટોરિયમ, લાઉન્જ, છૂટક દુકાનો અને સ્કાયવોક સામેલ હશે.

ભીડને નિયંત્રિત કરવા માટે પ્લેટફોર્મની ઉપર વધારાની સુવિધાઓ વિકસાવવામાં આવશે. મુસાફરોની સરળ અવરજવર માટે સ્ટેશન પર 41 લિફ્ટ અને 70 એસ્કેલેટર હશે અને તે દિવ્યાંગજન મુસાફરો માટે સંપૂર્ણ રીતે સુલભ હશે.

........................................................................................

Vinu Mankad Trophy

વિનુ માંકડ ટ્રોફીમાં ગુજરાત સેમિફાઈનલમાં પ્રવેશ્યું છે. ગુજરાત અને પંજાબ વચ્ચે રમાયેલી ક્વાર્ટર ફાઈનલમાં પંજાબે આઠ વિકેટે 276 રન કર્યા હતા. જવાબમાં ગુજરાતે 35 ઓવરમાં 191 રન કર્યા બાદ વરસાદના કારણે મેચ અટકી હતી.

બાદમાં VJD પદ્ધતિથી ગુજરાતને વિજેતા જાહેર કરાતાં ગુજરાત સેમિફાઈનલમાં પ્રવેશ્યું છે. અન્ય ક્વાર્ટર ફાઈનલમાં બંગાળનો મહારાષ્ટ્ર સામે વિજય થતાં બંગાળ

સેમિફાઈનલમાં પ્રવેશ્યું છે. આજે અન્ય બે ક્વાર્ટર ફાઈનલમાં હૈદરાબાદ- છત્તીસગઢ અને મુંબઈ- તમિલનાડુ વચ્ચે મુકાબલો થશે.

.................................................................................

## FOOTBALL MATCHES

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત સીનિયર ક્લબ ચેમ્પિયનશિપ અંડર-13, 15 અને 17 બોયસ યૂથ લીગની ગઇકાલે રાજ્યના અલગ અલગ સ્થળોએ 19 મેચ રમાઇ હતી. જેમાં રાજકોટ માં રમાયેલ અંડર 15 મેચમાં માસ્ટર એફસીએ બરોડા એફસીને 3-0થી પરાજય આપ્યો હતો, જ્યારે કહાની એફસીએ એસએજી એફએને ભાવનગર એફએ એ બીએફએ યુએસએને હરાવી હતી. અમદાબાદ ખાતે રમાયેલ મેચમાં એઆરએએ એસકે યુનાઇટેડને, ફાઉન્ટેન સ્કૂલે રેન્જર એફએ પરાજય આપ્યો હતો.

આ ઉપરાંત આણંદમાં રમાયેલ મેચમાં એસીટીએફસીએ સીવીએમ એફસીને હરાવી હતી, ફાઉન્ટેન સ્કૂલેને નવરચના એફએ અને એઆરએ એફસીએ રેન્જર એફએને હાર આપી હતી.

ગુજરાતમાં પલટાયેલ વરસાદી વાતાવરણને લઈને વડોદરાની તમામ મેચ રદ કરવામાં આવી હતી. આવતા શનિ – રવિમાં પણ બધાજ ગ્રુપ અને સીનિયર ક્લબ ચેમ્પિયનશિપના મેચો રમાડવામાં આવશે.

.................................................................................

## GODHARA BRIDGE

ગોધરા શહેરમાં વધતી ટ્રાફિક સમસ્યાનું કાયમી નિરાકરણ કરવા ગોધરામાં ભૂરાવાવથી પ્રભા કોતર સુધી ઓવરબ્રિજ બનાવવાની કામગીરી યુધ્ધના ધોરણે થઇ રહી છે. ગોધરાના નગરજનો અને પ્રબુદ્ધ નાગરિકો દ્વારા ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી ને આ બ્રિજને લંબાવવાની રજૂઆત થઇ હતી.

આ ફ્લાય ઓવર બનવાથી ગોધરા શહેરના પ્રવેશ થી દાહોદ રોડ સુધી વાહનો બારોબાર ફ્લાય ઓવર થઈ નીકળી શકતા હતા. પરંતુ વડોદરા જવા માટેના વાહનોને ચર્ચ પાસેથી શહેરમાં પ્રવેશીને જવું પડે તેમ હતું. જેથી બહારગામથી આવતા વાહનોની ટ્રાફિકની

સમસ્યા મહદઅંશે રહી જતી હતી. પરંતુ હવે આ બ્રિજને લંબાવવાને સૈધ્ધાંતિક મંજૂરી મળતા ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ આવશે..

.........................................................................................

GU. KARNAVATI LOKMANTHAN

વિસરાઈ રહેલી લોકકલા- લોકસંસ્કૃતિ- લોકનૃત્યો અને લોકવાનગીને મુખ્યધારામાં લાવવા માટે આજથી કર્ણાવતી લોકમંથન કાર્યક્રમ યોજાશે. બે દિવસીય આ કાર્યક્રમમાં વિવિધ નૃત્ય, સંગીત, વાજિંત્ર વાદન, નાટક, ભવાઇ, ગરબા રજૂ કરવામાં આવશે તેમજ વાચિકમ અને સંવાદ સત્ર યોજાશે.

ભારતીય વિચાર મંચ અને ગુજરાત યુનિવર્સિટી દ્વારા આજથી બે દિવસ શ્યામા પ્રસાદ મુખર્જી સભાગૃહ, ગુજરાત યુનિવર્સિટી ખાતે આ કાર્યક્રમ યોજાશે. નાગરિકો આજે બપોરે 2 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી અને અને આવતીકાલે સવારે 9 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી આ કાર્યક્રમની નિઃશુલ્ક મુલાકાત લઈ શકશે.

.........................................................................................